

દિનરાત ચોવીશે કલાક ભગવાન ચિદાનંદ સ્વરૂપ રાગસે ભિન્ન હૈ ઔર ચોવીશે કલાક રાગસે મૈં એકત્વ હૂં ઐસા અજ્ઞાની અનાદિસે માનતે હૈં!

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ


કહાન સં. ૨૩ સં. ૨૦૫૯ [૭૧૦] * આત્મધર્મ * [અંક-૬ વર્ષ-૫૯] વીર સં. ૨૫૨૯ ડિસેમ્બર-૨૦૦૨

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ હે જીવ! કુટુંબી આદિ લોકોનો તારી સાથે કાંઈ સંબંધ નથી, અને ન તારું તેમની સાથે કાંઈ આ લોક સંબંધી પ્રયોજન છે, એ તો પોતાના સ્વાર્થ માટે તારા શરીર ઉપર પ્રેમ રાખે છે માટે તું તારા આત્મહિતમાં મગ્ન થા. એ લોકો શરીરમાં તન્મય થઈ રહ્યાં છે, તેથી શરીરના જેવા જ જડબુદ્ધિ છે અને તું ચૈતનય છો, એમનાથી જુદો છો, તેથી રાગ-દ્વેષનો સંબંધ તોડીને પોતાનું આત્મબળ પ્રગટ કર અને સુખી થા. ૭૫૭.

*(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સાધ્યસાધક દ્વાર, ૫૬–૯)*

❀ સમરસીભાવકા લક્ષણ ઐસા હૈ કિ જિનકે ઇન્દ્ર ઔર કીટ દોનોં સમાન, ચિંતામણિરત્ન ઔર કંકડ દોનોં સમાન હોં અથવા જ્ઞાનાદિ ગુણ ઔર ગુણી નિજ શુદ્ધાત્મ દ્રવ્ય ઇન દોનોંકા એકીભાવરૂપ પરિણમન વહ સમરસીભાવ હૈ. ૭૫૮. *(શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.–૨, ગાથા–૧૫૯)*

❀ ઇંદ્રિયલોલુપતા જેમને નિવૃત્ત થઈ છે અને તત્ત્વલોલુપ (તત્ત્વપ્રાપ્તિ માટે અતિ ઉત્સુક) જેમનું ચિત્ત છે, તેમને સુંદર આનંદ ઝરતું ઉત્તમ તત્ત્વ પ્રગટે છે. ૭૫૯. *(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૨૩૫)*

❀ આ જગતમાં શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિથી જેવો સંતોષ થાય છે તેવો સંતોષ ધનના ભંડાર, કલ્પવૃક્ષ, કામધેનુ, અમૃત, ચિન્તામણિરત્ન, સુર, અસુર વિદ્યાધરોના ઇન્દ્રોની લક્ષ્મી, ભોગભૂમિમાં પ્રાપ્ત થતાં ઇન્દ્રિયનાં ભોગો કે અહમિન્દ્રની લક્ષ્મીની પ્રાપ્તિથી પણ થતો નથી. ૭૬૦.

*(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય–૨, ગાથા–૧૦)*

❀ જેઓ અજ્ઞાન અંધકારથી આચ્છાદિત થયા થકા આત્માને કર્તા માને છે, તેઓ ભલે મોક્ષને ઇચ્છનાર હોય તોપણ સામાન્ય (લૌકિક) જનોની માફક તેમનો પણ મોક્ષ થતો નથી. ૭૬૧.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ–૧૯૯)*

❀ જેવી રીતે ઉચિત કાળે-સમયે (ફળદ્રુપ) જમીનમાં વાવેલું વડલાનું બીજ (મોટી) છાયાના વૈભવને અને બહુ ફળોરૂપે ફળ આપે છે—ફળે છે, તેવી રીતે ઉચિત સમયે પાત્રને આપેલું થોડું પણ દાન જીવોને ઉત્તમ ઐશ્વર્ય અને વિભૂતિયુક્ત ઇચ્છિત ભોગોપભોગ આદિ અનેક ફળોરૂપે ફળે છે. ૭૬૨.

*(શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક–૧૧૬)*

❋ ❋ ❋

કહાન
સંવત-૨૨
વર્ષ-૫૯
અંક-૬
[ ૭૧૦ ]




વીર
સંવત
૨૫૨૯
સં. ૨૦૫૯
December
A.D. 2002

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# મધ્યસ્થ દૃષ્ટિ હોય તો જ સાચી પરીક્ષા કરી શકે

(આત્મસિદ્ધિ શાસ્ત્ર ઉપરના પ્રવચનોની આઠમી આવૃત્તિમાંથી)

[સંવત્ ૧૯૯૬ કારતક સુદ ૧૫ સમાધિમંદિર, રાજકોટ]

આજે શ્રીમદ્ રાજચંદ્રનો જન્મદિવસ છે. આજનો દિવસ રવિવાર પરમ માંગલિક છે અને પૂર્ણિમા છે, શ્રીમદ્‌ની જયંતિ છે. બીજું, હજારો વર્ષથી જૂનો જે ઊંચામાં ઊંચો ગ્રંથાધિરાજ "ધવલ" षट्खण्ड आगम જેનાં દર્શન કરવા હજારો લોકો જતા હતા અને જેમાં સનાતન જૈનધર્મનું રહસ્ય છે તે શાસ્ત્રના આજે આનંદનિકેતનમાં દર્શન થયાં. તેમાં પ્રથમ "સિદ્ધ" લખ્યું છે. સમયસારમાં પણ રવિવાર આવ્યો હતો; સમયસારના દર્શન પણ રવિવારે થયા હતા; વળી સમયસારજીની સ્થાપના પણ રવિવારે થઈ છે.

શ્રીમદ્‌ના દેહના સમાગમમાં ઘણા આવ્યા હશે પણ તેમના સત્સમાગમમાં કોઈક વિરલા જ હશે. અહીં પ્રથમ માંગલિક કહીએ.

"અહો ! શ્રી સત્‌પુરુષકે વચનામૃતમ્ જગહિતકરમ્,
મુદ્રા અરૂ સત્‌સમાગમ સૂતી ચેતના જાગૃતકરમ્."

સંપ્રદાયનો આગ્રહ છોડી મધ્યસ્થપણે સાંભળવું તે હિતની વાત છે.

શ્રીમદ્‌ના સમાગમમાં ઘણા આવેલા. તેમાં એક ભાઈ સંપ્રદાયના વલણવાળા અને મૂર્તિપૂજાના વિરોધી હતા પણ કંઈક સરળ હતા. તેમના ગુરુ તથા બીજાઓ શ્રીમદ્‌ની નિંદા કરતા હતા. તે સાંભળતાં જ તેમને અંદરથી (નાભિમાંથી) નાદ આવ્યો કે "*અરે! તમે એ પવિત્ર પુરુષની નિંદા કરશો નહિ. મેં તેમને એકવાર લીંબડીમાં જોયા હતા, મહા વૈરાગ્યવંત હતા, ખરેખર ધર્મની મૂર્તિ હતા. એ સત્‌પુરુષ છે એની નિંદા ન કરશો.*" *જાણે ઊંડાણમાં પારાવાર દર્દ થતું હોય એવો અવાજ સહજ આવ્યો, તેમણે કહ્યું કે "એ મહાદેવને મિયાં સાથે સરખાવશો નહિ. એની મુદ્રામાં મેં જે વૈરાગ્ય જોયો છે, તેવો વૈરાગ્ય મેં કોઈ સાધુમાં જોયો નથી."* જુઓ, આ તેમના શબ્દો! તેમને કાંઈ શ્રીમદ્‌ની પરીક્ષા ન હતી, છતાં અંદરથી સત્‌નો હકાર આવ્યો અને ખોટાનો નિષેધ આવ્યો. માણસને મધ્યસ્થ દૃષ્ટિ હોય તો જ સાચી પરીક્ષા કરી શકે. અંતરમાં ઊંડાણથી એ વૃદ્ધ માનવીને સહજ, ધારણા વિના, નાભિથી અવાજ આવ્યો કે હું એની નિંદા સાંભળી શકતો નથી. ડૂંટીમાંથી અવાજ—ગોખ્યા વિના, ધારણા વિના, સહેજે ભણકાર—આવેલો હતો.

## 卐 સત્પુરુષનો આદર એટલે સત્‌નો આદર 卐

સત્પુરુષ પ્રત્યેનો આદર એટલે સત્‌નો આદર શું સૂચવે છે? તે બતાવે છે કે *તે પુરુષમાં કોઈ મહાન પવિત્ર યોગબળ રહેલું છે કે જેનાં સ્મરણો સાંભળતાં મુમુક્ષુને અતિ પ્રમોદ-આનંદ ઊપજે છે.* છતાં પંચમકાળ છે, તેથી નિંદકો કોઈ કહે છે કે પૂજાવા ખાતર લખ્યું છે. અરેરે! આવા મતાર્થી લોકો મતાગ્રહને વશ થઈને, મિથ્યાગ્રહને પકડે છે. મહામોહને વશ સાચાનો નિષેધ કરી, પોતાને વિષે બોધિદુર્લભપણું વધારે છે. અહીં જે જન્મ-જયંતિનું માંગલિક, જે લોકોત્તર માંગલિક કહેવું છે, તે ઉપરથી શ્રીમદ્ રાજચંદ્રના હૃદયમાં શું હતું તે મુમુક્ષુ સમજી લેશે.

## 卐 જ્ઞાની મળ્યા તેને ભવ ન હોય 卐

"અહો શ્રી સત્‌પુરુષકે વચનામૃતમ્ જગહિતકરમ્." એક વખત પણ પ્રત્યક્ષ સદ્‌ગુરુનાં ભાવવચનને શ્રવણ કરીને અંતરમાં ઓગાળીને, અંતરમાં

ઊંડાણથી સહજ હા આવી ને બોધિબીજનો અંતરમાં (સ્વરૂપમાં) ટચ થયો તેને સંસાર ન હોય. જ્ઞાની મળ્યા તેને ભવ ન હોય, ભવનો ભાવ ન હોય. એની સાક્ષી કોણ આપે? અંદરથી ખાતરી આવે, કોઈને પૂછવા જવું ન પડે. "ભૃંગી ઈલિકાને ચટકાવે તે ભૃંગી જગ જોવે રે." ઈયળને ભમરી ચટકો મારે; તેના ડંખના સ્મરણમાં આ શું છે, એ શું છે એ ઝંખના રહેતા ભમરી બની જાય છે, કલેવર અને ભાવ પલટાવી દે છે; એમ ચૈતન્ય ભગવાન આત્મા પોતાને ભૂલીને, પરભાવમાં પોતાની હયાતી ભૂલપણે માની બેઠો છે, તે જો સત્પુરુષના લક્ષે, એક વચન પણ યથાર્થ ગુંજારવ કરીને અંતર શોધમાં વર્તે તો તેને ભગવાન ત્રિલોકનાથપણું (સિદ્ધપદ) પ્રાપ્ત થયા વિના રહે નહિ. *જ્ઞાનીના એક વચનને યથાર્થપણે જીવ સમજ્યો તો, યથાર્થપણે આત્માથી આત્મામાં સત્‌નો હકાર આવે જ.* સાથે પરદ્રવ્ય-પરભાવના નકારવડે શુભાશુભ બંધનો પણ નકાર થઈ જાય છે. *જે સત્ પુરુષ દેહ છતાં દેહાતીત દશામાં વર્તે છે તેમનાં દર્શન માત્રથી પણ દર્શન કરનારની દૃષ્ટિમાંથી આખો સંસાર ટળી જાય છે.* શ્રી પદ્મનંદિ આચાર્ય મહારાજ કહે છે કે :—

तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता।
निश्चितं स भवेद्‌भव्यो भाविनिर्वाणभाजनम्॥

અહો! શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ જ્ઞાનીના મુખેથી જે જીવે પ્રસન્નચિત્તથી સાંભળ્યો કે 'બધા આત્મા અબંધ, અસંગ, સ્વાધીન, ચિદાનંદસ્વરૂપ છે' અને તેમાં રહેલ વાચ્યને જે જીવે ગ્રહણ કર્યો તે જીવ ભાવિનિર્વાણનું ભાજન છે.

"અહો! શ્રી સત્પુરુષકે વચનામૃતં જગહિતકરં." સત્પુરુષ-સદ્‌ગુરુનું જેને લક્ષ થયું તેને સદ્‌ગુરુ અને તેમની ઉપકારી વાણીનું બહુમાન વર્તે છે; તેથી તે કહે છે કે જગતનું હિત એ અપૂર્વ વાણીથી જ છે; બીજો કોઈ સન્માર્ગનો ઉપાય નથી. જે જીવે અંતરમાં ભાવવચનનો ઊંડેથી આદર કર્યો, તેને જ સત્પુરુષ મળ્યા પ્રમાણ છે. દેહનાં દર્શન તો અનંત વાર થયાં પણ જે દર્શનથી સત્પુરુષની પ્રતીતિ થાય તે જ દર્શન ખરું છે, તેને જ સત્પુરુષ તથા તેમના વચનામૃતનું સફળપણું છે. સત્પુરુષની મુદ્રા કેવી છે? વિના બોલ્યે સૌમ્યતા વીતરાગતાને જ બતાવી રહી છે; જેઓ પરમ ઉપશમરસભરી વૈરાગ્યમૂર્તિ છે. અંદરથી સ્વભાવ પ્રગટ્યો

એટલે દેહની મુદ્રા પણ તેવી જ પ્રગટે. જે મુદ્રાના અંતરભાવે દર્શન થતાં આત્માનું દર્શન પ્રગટે એ જાતનો ભાવ કેવો અપૂર્વ હશે! કઈ જાતનો હશે! તે સમજવું.

તીર્થંકર ભગવાનનો દેહ પરમ ઔદારિક, સ્ફટિક રત્ન જેવો થઈ જાય છે અને નજીકથી તેમનાં દર્શન કરનારને જાતિસ્મરણજ્ઞાન થાય છે અને સાત ભવ દેખાય છે, તે પ્રભુના જન્મ દિવસને મહા કલ્યાણક કહેવાય છે. જેને ત્રણ લોકના નાથનું બિરુદ છે, તેમનો પરમ કલ્યાણક જન્મ-ઉત્સવ ઈન્દ્રો કરે છે અને ત્રણલોકમાં અજવાળાં થાય છે. બે ઘડી નારકીના દુઃખી જીવોને પણ શાતા ઊપજે છે.

## 卐 પવિત્ર પુરુષનું અતિ અતિ બહુમાન થવું જોઈએ 卐

તેમ જેણે આ પંચમ કાળમાં સત્ ધર્મની જાહેરાત કરી અને પોતે અનંત ભવનો છેડો કાઢી, એક જ ભવ બાકી રહે તેવી પવિત્ર દશા આત્માને વિષે પ્રગટ કરી *તેવા પવિત્ર પુરુષનું અતિ અતિ બહુમાન થવું જોઈએ.* તેમના જન્મ-દિવસની આજે જયંતિ છે. ધન્ય છે તેમને! *હું ચોક્કસ કહુ છું કે ગુજરાત-કાઠિયાવાડમાં (સૌરાષ્ટ્રમાં) વર્તમાનકાળમાં મુમુક્ષુ જીવોના પરમ ઉપકારી હોય તો તે શ્રીમદ્ રાજચંદ્ર છે. ગુજરાતી ભાષામાં આત્મસિદ્ધિ લખીને જૈનશાસનની શોભા વધારી છે. આ કાળમાં તેમના જેવા મહત્ પુરુષ મેં જોયા નથી, તેમના એકેક વચનમાં ઊંડું રહસ્ય છે.* તે સત્સમાગમ વિના સમજાય તેમ નથી. તેમણે એક જ મુખ્ય વાત કરી છે કે આત્માની ઓળખાણ વિના ગમે તેમ કરો પણ ભવ નહિ ઘટે. આત્માને સમજયા વિના કોઈ કાળે છૂટકો નથી. આજે, કાલે, લાખ, ક્રોડ વર્ષે કે તેથી વહેલા-મોડા પણ આ તત્ત્વ સમજ્યે-શ્રદ્ધયે જ છૂટકો છે.

## 卐 તેમના અંતરમાં વીતરાગ શાસનની પ્રભાવના થાય–એમ ભાવના હતી 卐

*શ્રીમદ્નું જીવન સમજવા માટે મતાગ્રહથી-દુરાગ્રહથી દૂર રહી, એ પવિત્ર જીવનને મધ્યસ્થપણે જોવું જોઈએ, જ્ઞાનીની વિશાળ દૃષ્ટિના ન્યાયથી વિચારવું જોઈએ.* તેમની ભાષામાં અપૂર્વ ભાવ ભર્યા છે, તેમાં વૈરાગ્ય, ઉપશમ, વિવેક, સત્સમાગમ બધું છે. બાળકથી માંડીને આધ્યાત્મિક સત્સ્વરૂપની પરાકાષ્ઠાને

પહોંચેલા, ઊંડા ઊંડા ન્યાય, ગંભીર અર્થ તેમના લખાણમાં છે. વ્યવહારનીતિથી લઈને પૂર્ણ શુદ્ધતા કેવળજ્ઞાન સુધીના ભણકાર તેમાં છે, કોઈ જ્ઞાનબળના અપૂર્વયોગે એ લખાયા છે. *તેમના અંતરમાં વીતરાગ શાસનની પ્રભાવના થાય, સનાતન જૈનધર્મ જયવંત વર્તે, એમ નિમિત્ત થવાની ઊંડાણમાં ભાવના હતી;* પણ તે કાળે મતાગ્રહીનાં ટોળાં ઘણાં હતા અને ગૃહસ્થવેષ હોવાથી તેમની પાસે જવામાં અને પરમાર્થ પામવામાં, બાહ્યદૃષ્ટિ જીવોને પોતાના પક્ષનો આગ્રહ વિઘ્નરૂપે થયો છે.

## 卐 શ્રીમદ્‌નું શાસ્ત્ર મધ્યસ્થ પુરુષો જ સમજી શકશે 卐

શ્રીમદ્‌ને તે વખતનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળની ખબર હતી તેથી બહુ જોરમાં આવ્યાં નહિ. તેમણે કહ્યું છે કે મારું લખાણ, મારું શાસ્ત્ર મધ્યસ્થ પુરુષો જ સમજી શકશે, વિચારી શકશે. મહાવીરના કોઈ પણ એક વાક્યને યથાર્થપણે સમજો, શુદ્ધ અંતઃકરણ વિના વીતરાગના વચનોને કોણ દાદ આપશે? આ બધા અંતરના ઉદ્‌ગાર હતા.

## 卐 સમયસારની પ્રભાવના કરનાર શ્રીમદ્ રાજચંદ્ર હતા 卐

વળી હાલમાં *શ્રી સમયસારજી પરમ આગમ શાસ્ત્ર વંચાય છે, તેની પ્રભાવના કરનાર પણ શ્રીમદ્ રાજચંદ્ર હતા.* પોતાની હયાતીમાં જ તેમણે પરમશ્રુત પ્રભાવક મંડળની સ્થાપના કરી. તેમનો ઉદ્દેશ મહાન આચાર્યોનાં આગમ શાસ્ત્રો સંશોધિત કરીને છપાવવાનો હતો. તે મંડળે ઓગણીશ વર્ષ પહેલાં એક હજાર સમયસારજી શાસ્ત્ર, આચાર્યવર કુંદકુંદભગવાન રચિત મહાસૂત્ર છપાવ્યું. એ શાસ્ત્ર (હાથે લખેલું) તેમના હાથમાં (લીંબડીમાં) જ્યારે પહેલવહેલું આવ્યું, ત્યારે બે પાનાં ફેરવતાં જ રૂપિયાની ભરેલી થાળી મંગાવી, જેમ હાથમાં હીરો આવ્યો હોય તેની ઝવેરી પરીક્ષા કરે તેમ આખા જિનશાસનનું રહસ્ય શ્રી સમયસાર હાથમાં આવતાં જ, પૂર્વના સંસ્કારનો અપૂર્વભાવ ઉલ્લસ્યો અને તે અપૂર્વ પરમાગમ શાસ્ત્ર લાવનાર ભાઈને શ્રીમદે ખોબો ભરીને રૂપિયા આપ્યા. એ પુસ્તક છપાય એવી તેમની ખાસ ઈચ્છા હતી.

## 卐 શ્રીમદ્ રાજચંદ્રનો અનંત ઉપકાર છે 卐

એ રીતે ઓગણીશ વર્ષ પહેલાં શ્રી સમયસારની પ્રભાવના તેમના મારફત થઈ. તે પરમાગમ શાસ્ત્રનો હાલ કાઠિયાવાડમાં સારા પ્રમાણમાં લાભ લેવાય છે. એ સમયસારજીના કર્તા શ્રી કુંદકુંદાચાર્ય દિગમ્બર (નગ્ન) મહાસમર્થ મુનિ હતા. તે આ કાળે જાતે મહાવિદેહ ક્ષેત્રમાં, સાક્ષાત્ ત્રિલોકનાથ સર્વજ્ઞ ભગવાન સીમંધર પ્રભુ પાસે ગયા હતા, ત્યાં તેમણે આઠ દિવસ સમવસરણ (ધર્મસભા)માં ભગવાનની વાણી સાંભળી. ત્યાંથી આવી સમયસાર ગ્રંથની શ્લોકબદ્ધ રચના કરી. તે *સમયસાર શાસ્ત્રની આ કાળે, પ્રથમ જાહેરાત કરનાર શ્રીમદ્ રાજચંદ્ર છે, માટે તેમનો અનંત ઉપકાર છે, તેનો લાભ અત્યારે ઘણા ભાઈઓ-બહેનો લે છે, તે શ્રીમદ્નો જ ઉપકાર છે. હાલમાં તેની બે હજાર પ્રત ગુજરાતીમાં છપાય છે તેનો લાભ લેનારને પણ શ્રીમદ્ ઉપકારી ગણાય.* આ મંગલાચરણમાં જ સમ્યગ્દર્શનના ભણકાર છે, તેમાં સત્પુરુષની પ્રતીતિ અને તેમના સદુપદેશ વચનામૃતનું બહુમાન છે. તીર્થંકર ભગવાનની દિવ્યવાણી અનંત ઉપકારી છે, સર્વને હિતકારી છે, તેમજ મુનિની મુદ્રા શાંત, ઠરી ગયેલી અને વીતરાગી હોય છે.

## 卐 સત્સમાગમ હોય અને આત્મજ્ઞાન ન થાય તેમ બને નહીં 卐

હવે સત્સમાગમનો અર્થ કહેવાય છે. સત્ જેનું શ્રવણ છે, સત્ જેનો વિચાર છે, સત્સંગનો જેને પ્રેમ છે તેને "સૂતો ચેતના જાગૃતકરમ્" હોય છે. અનાદિ કાળના અજ્ઞાન અંધકારમાં, મોહનિદ્રામાં સૂતેલા ચેતન આત્માને સ્વરૂપમાં જાગૃત કરનાર છે. જેમ મોરલીના નાદે સર્પ ડોલે છે, તેમ આત્માની વાત સાંભળતાં જ મુમુક્ષુનાં હૃદય ડોલી ઊઠે છે. સૂતી ચેતના જાગૃત કોને થાય? પાત્ર હોય તેને. સત્સમાગમ હોય અને આત્મજ્ઞાન ન થાય તેમ ન બને. પારસમણિ કાટવાળી ડાબલીમાં હોય, તો કાટ લોઢાનો સ્પર્શ થવા દે નહિ, તેમ જો જીવમાં પોતામાં પાત્રતા ન હોય તો સત્સમાગમ કે સદ્ગુરુ શું કરે?

## 卐 સત્સમાગમનું બળવાન ઉપકારીપણું 卐

"સદ્ગુરુ મળ્યા પણ જ્ઞાન થયું નહિ, વિમળ બની નહિ વાણી" એ ન્યાયે

જ્યાં લગી પોતાની તૈયારી ન હોય ત્યાં લગી સાક્ષાત્ સર્વજ્ઞ ભગવાનનાં દર્શન કે વાણીથી પણ શો ઉપકાર થાય? બેઉનો સરખો જોગ થાય એટલે કે—સત્પુરુષ અને લાયક જીવનો જોગ થાય, તો જ લાભ થાય પણ પોતાને ગુણ ન થાય તેમાં જ્ઞાની પુરુષનો કે અન્ય કોઈનો દોષ નથી. જ્યાં લગી સત્પુરુષની ઓળખ જીવને થઈ નથી ત્યાં લગી તેણે દેહનાં દર્શન કર્યાં છે, જડ પુદ્‌ગલનાં દર્શન કર્યાં છે. તેનું કારણ પોતાની જ ભૂલ છે, સ્વચ્છંદ છે. સત્સમાગમનું બળવાન ઉપકારીપણું ખૂબ ખૂબ કહ્યું છે. તેમના પત્રોમાં જોશો તો ખાસ શબ્દો આગળ સત્ પ્રત્યય લગાડેલો દેખાશે; જેમકે સત્‌કથા, સત્‌ધર્મ, સત્‌શાસ્ત્ર, સદ્‌ગ્રંથ, સદ્‌વર્તન, સત્‌શ્રુત, સદ્‌વિચાર, સત્પુણ્ય, સન્માર્ગ, સત્પુરુષ, સત્‌દેવ, સદ્‌ગુરુ, સત્સમાગમ અને સદ્‌ગુરુના આશ્રયનું યથાર્થપણું જણાવ્યું છે, સ્વચ્છંદ ત્યાગ અને ગુરુ-આજ્ઞા વગેરે વાંચીને કોઈ માને કે આમાં પરાધીનતા જેવું દેખાય છે તો તેમ નથી. સત્‌નો ભાવાર્થ સમજે તો તેમાં પરાધીનતા કે બીજો કોઈ વિરોધ નહિ આવે. સત્સમાગમ શું કામ કરે છે તે સંબંધે કહેવામાં આવે છે કે : "ગિરતી વૃત્તિ સ્થિર રાખે, દર્શન માત્રસે નિર્દોષ હૈ."–શુભાશુભ વડે રાગાદિ પરિણતિમાં અજ્ઞાનપણે અટકવું થતું તેને ટાળે એવો સત્સમાગમનો મહિમા છે. તેથી જીવસ્વભાવની જાગૃતિમાં નિશ્ચલ રહી પોતાનું સમ્યગ્દર્શન નિર્દોષ-નિઃશંકપણે ટકાવી રાખે છે. દેહાદિ સર્વ પરદ્રવ્યની ક્રિયાથી પોતે જુદો રહીને જીવ પોતાના તદ્દન શુદ્ધ સ્વભાવને જાણે છે. પરદ્રવ્યથી પોતે અસંગ છે એમ પુરુષાર્થવડે ભાન થતાં નિર્દોષ આત્મધર્મ પ્રગટે છે. પડતી વૃત્તિને સ્વભાવમાં ટકાવી રાખે તે "ધર્મ" છે, અધોગતિમાં એટલે પરભાવમાં (વિભાવમાં, પ્રમાદમાં) જવા ન દે અને સ્વભાવમાં સ્થિર રાખે તે ધર્મ.

## 卐 પુરુષાર્થમાં પ્રેરક સદ્‌ગુરુ 卐

"અપૂર્વ સ્વભાવ કે પ્રેરક, સકળ સદ્‌ગુણ કોષ હૈં." સત્સ્વરૂપ (સત્સમાગમ)માં ટકાવીને સાધકસ્વભાવને પૂર્ણ કરે એવા પુરુષાર્થમાં સદ્‌ગુરુ પ્રેરક છે અને તે સકળ સદ્‌ગુણનો અનુપમ ભંડાર છે. સ્વસ્વરૂપની પ્રતીતિ દૃઢ, દૃઢતર થતાં અધિક પુરુષાર્થ ઉપાડીને વિશેષ સાધકપણું જીવ પ્રગટ કરે છે અને સાતમુ ગુણસ્થાન પ્રાપ્ત કરે છે કે જે પૂર્ણપણે વીતરાગ નિર્વિકલ્પપણાનું કારણ છે; અંતે

અયોગી સ્વભાવને (ચારિત્રની પૂર્ણતાને) પ્રગટ કરનાર છે. પૂર્ણ યથાખ્યાતચારિત્ર પ્રગટ થઈ "અનંત અવ્યાબાધ સ્વરૂપમેં સ્થિતિ કરાવનહાર હૈ." એમ ગુણશ્રેણીનો ક્રમ જણાવી, અપ્રમત્તદશા (મુનિપણું) પ્રાપ્ત થયા પછી, સ્વરૂપમાં સ્થિર રહી, નિર્વિકલ્પ વીતરાગદશા સાધે, પછી બારમુ ક્ષીણમોહ અને છેલ્લે અયોગીદશા પ્રાપ્ત કરી છેલ્લામાં છેલ્લી પૂર્ણ પવિત્રદશા-મોક્ષાવસ્થા છે. તે રીતે "અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનહાર હૈ." એમ સત્પુરુષના સત્સમાગમનું યથાર્થપણું જણાવ્યું. નિર્વિકલ્પ આનંદઘન પૂર્ણ બેહદ સુખસ્વભાવ પ્રગટ કરવાનું સત્સમાગમ કારણ છે. ધ્યેયરૂપ જે પૂર્ણ પવિત્ર સિદ્ધ સ્વરૂપ છે તેનું કારણ અયોગી સ્વભાવ છે અને તેનું કારણ સત્સમાગમ છે.

વિકાસની ક્રમબદ્ધ શ્રેણી લીધી છે. પ્રથમ 'દર્શન માત્રથી નિર્દોષ' તે સમ્યગ્દર્શન પ્રાપ્તિ છે; પછી સાધકભાવની વૃદ્ધિ થતાં અપ્રમત્ત સંયત અને પછી પૂર્ણપણે વીતરાગ તે તેરમુ ગુણસ્થાનક-વીતરાગ ભગવાન અને પછી મન, વચન, કાયાના સર્વયોગ રહિતનું અકંપ, અયોગી, ચૌદમુ ગુણસ્થાનક, એ પ્રમાણે સર્વે શુદ્ધ સ્વભાવનું કારણ સત્સમાગમ જ છે; પણ જેનાથી ગુણ ન પ્રગટે તે સત્સંગ ન કહેવાય.

### 卐 સત્સમાગમ વડે આત્મસિદ્ધિનો આશય સમજવાની જરૂર છે 卐

શ્રીમદે પત્રે-પત્રે અંતરનાદથી પુરુષાર્થ સહિત એક જ ભણકાર ગજાવ્યો છે કે સત્સમાગમ જ એક કલ્યાણકારી છે. લોકો પોતાના સ્વચ્છંદે શાસ્ત્ર વાંચી ઊંધું કાઢે છે અને તે ભવસાગરમાં બૂડે છે, શાસ્ત્રો જાણવાથી મોક્ષ થતો હોય તો પાનાંનો મોક્ષ થવો જોઈએ. ઘણાએ આત્મસિદ્ધિ મોઢે કરી છે, મગજમાં ભરી છે, કંઠસ્થ કરી છે ને રોજ બોલી જાય છે પણ અંદરથી ભાવ-અર્થ સમજ્યા વિના પોતાની કલ્પનાથી અર્થ ધારે છે, પણ એમ મેળ બેસે નહિ. માટે સત્સમાગમ વડે આત્મસિદ્ધિનો અંતરભાવ-આશય સમજવાની જરૂર છે. પોતાની મેળે વાંચી જવાથી સમજાય નહિ અને સમજ્યા વિના ગુણ પ્રગટે નહિ. જ્ઞાનીનો આશય સમજ્યા વિના કલ્પના કરવાથી શું થાય?

### 卐 અનંત જ્ઞાની ભગવંતોએ કહ્યું છે 卐

સમયસારમાં તો સાધારણ માણસને અઘરું પડે છે; પણ આમાં ઘણી

સહેલી ભાષા મૂકી છે. માટે આત્મસિદ્ધિ બધાયે (બાળગોપાળ બધા ભાઈઓ-બહેનોએ) અંતરપટમાં કોતરાઈ જાય તેવી રીતે, મુખપાઠ કરીને ધારી રાખવા યોગ્ય છે. એનું જ રાત-દિવસ મનન કરવાથી પોતાની જાતે નિર્ણય આવશે. જેને મોક્ષની ઈચ્છા થઈ છે તેણે સત્સંગને જ ઉપાસવો. સત્સમાગમની ઉપાસના કરવી હોય તેણે બાહ્યનાં સાધન અપ્રધાન કરીને આત્માને ગવેષવો એટલે કે દેહાદિની, સંસારની તથા સંસારના સુખની વૃત્તિ છોડી દેવી અને સત્‌શાસ્ત્ર સત્સંગનું બળવાનપણું સમજીને, તેનો ખૂબ પરિચય કરવો, એમ અનંત જ્ઞાની ભગવંતોએ કહ્યું છે.

## 卐 સત્સમાગમનું માહાત્મ્ય 卐

સત્સમાગમનું માહાત્મ્ય સમજાય તો જેવું કારણ સેવે તે જાતનું કાર્ય અવશ્ય પ્રગટે છે. તેથી કહ્યું કે અનંત અવ્યાબાધ સિદ્ધસ્વરૂપને પમાડે એવું કારણ સત્સમાગમ અને સત્પુરુષ છે. હવે નામ આપે છે. "સહજાત્મ, સહજાનંદ, આનંદઘન, નામ અપાર હૈ, સત્‌દેવ ધર્મ સ્વરૂપદર્શક પારાવાર હૈ." જે કોઈ ગુરુમાં ભૂલ્યા તે દેવ, ધર્મ અને શાસ્ત્રમાં ભૂલ્યા છે. જેણે સાચા ગુરુને ઓળખ્યા તેણે સાચા દેવ, ધર્મ અને શાસ્ત્રને સ્વીકાર્યા અને આત્માને પણ માન્યો છે પણ જો ભ્રાંતિ છે તો તેનું બધુંય માનેલું મિથ્યા છે.

## 卐 અનંતજ્ઞાનીની વાણીનો સાર 卐

તેથી કહે છે કે :—"આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ, ગુરુ-આજ્ઞા સમ પથ્ય નહિ; ઔષધ વિચાર ધ્યાન." દરદીને પોતાના રોગની ખબર નહિ અને દવાખાનામાં પેસી જઈ, ઓળખ્યા વિના ગમે તે દવા પીવા માંડે તો નુકશાન જ થાય. તેથી શ્રીમદ્ કહે છે કે :—આત્મસ્વરૂપમાં ભૂલ જેવો કોઈ મોટો રોગ નથી, માટે ગમે તેમ કરીને સત્ પુરુષ કોઈ એક ગોતો અને તેમનાં ગમે તે એક વચનને માન્ય રાખો, તેમની આજ્ઞાએ વર્તો. લાખ રોગમાં ઘણી જાતની દવા જોઈએ પણ આ આત્મસ્વરૂપમાં જ ભૂલ–ભ્રાંતિ ટાળવામાં ઘણી દવાની જરૂર નથી. બહારથી કાંઈ ગ્રહણ–ત્યાગની વાત નથી, માત્ર જે ઊંધું માન્યું છે તે ભૂલને ટાળવી. એમ સદ્‌ગુરુ-આજ્ઞાવડે સ્વચ્છંદ ટાળી શકાય છે; માટે જ્ઞાનીનાં વચનામૃત

અને સત્સમાગમ ઉપકારી છે. સત્સમાગમ વડે જિનવચનનો ઉપદેશ, તત્ત્વનું શ્રવણ, મનન-ચિંતવન, ગ્રહણ કરે તો જીવનો વિભાવ ટળી જાય છે. રાગ-દ્વેષ કે ઉપાધિ કે પુણ્ય-પાપની ગંધ રહેતી નથી. સર્વ વિભાવનો રેચ થઈ જાય છે. માટે એક આત્માને અવિરોધપણે જાણવો એ અનંતજ્ઞાનીની વાણીનો સાર છે. શબ્દ પાછળનો વાચ્ય-પરમાર્થ શું છે તે ગુરુ-આજ્ઞા વિના સમજાય તેમ નથી, માટે "ગુરુ–આજ્ઞા સમ પથ્ય નહિ" એમ કહ્યું છે.

## 卐 આશય સમજવાની તીવ્ર અને સાચી જિજ્ઞાસા જોઈએ 卐

સદ્‌ગુરુનો કહેવાનો મહાન આશય શું છે તે સમજવાની તીવ્ર ને સાચી જિજ્ઞાસા જોઈએ. રુચિ વિના (પોસાણ વિના) કામ થાય નહિ. જેમ દરદી હોય તેને વૈદ્ય કહે કે તું બાસઠ દિવસ લાંઘણ કરે તો જ તારો રોગ મટે; દરદી જીવવાની આશાએ વૈદ્યના વચન ઉપર વિશ્વાસ રાખી બાસઠ દિવસની લાંઘણ કરે છે; પણ પોસાણ વિના (રુચિ વિના) જો એક ટંક ખાવા ન મળે, ચા-પાણીની સગવડ ન થાય તો આર્તધ્યાન કલેશ કરે છે. જીવવાની રુચિવાળો જીવ પૂરેપૂરી હિંમત રાખીને લાંઘન આદરે તોપણ કદાપિ રોગ ન મટે, પણ આ ગુરુ-આજ્ઞા એવું પથ્ય છે કે તેના સેવનથી નિરોગતા ચોક્કસ થાય છે જ. પ્રત્યક્ષ પોતાને તેનો અનુભવ થાય છે. જેને સદ્‌ગુરુ પ્રત્યે પ્રેમ થયો તેને ગુણની પ્રતીત અને બહુમાન થાય જ. સદ્‌ગુરુની વાણી જન્મ-જરા-મરણનો નાશ કરી ભવનો ભૂકો ઉડાડી દે છે, ભવનો અંત કરે છે, શાશ્વતપદને પ્રગટ કરે છે. એવા સુજાણ વૈદ્ય તે શ્રી સત્‌ગુરુ છે. સદ્‌વિચાર અને ધ્યાન એ ઔષધ છે. સ્વાભાવિક નિર્મળ, પૂર્ણ પવિત્રસ્વરૂપ આત્મા અને સહજાનંદ નિરાકુળ, નિરુપાધિક, અચળ, શાંતિસ્વરૂપ, સહજ આનંદમય એવું જ આત્મપદ છે, લૌકિક આનંદરૂપ શાતા નહિ પણ બેહદ સ્વાધીન શાશ્વત અનાકુળ આનંદ છે. આનંદનો કંદ-આનંદઘન આદિ અપાર નામ-ગુણે કરી સહિત એવા સત્‌દેવ સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા છે ને સદ્ધર્મસ્વરૂપદર્શક સદ્‌ગુરુનો ઉપકાર પારાવાર છે.

## 卐 ઉપકારીને પ્રથમ ઓળખવા જોઈએ, એ જ જીવનદાતા છે 卐

દાન ચાર પ્રકારે છે—(૧) આહાર, (૨) ઔષધ, (૩) અભયદાન અને

(૪) જ્ઞાનદાન. તેમાં જ્ઞાનદાન સત્‌ગુરુ જ આપી શકે. યથાર્થપણે જન્મ-મરણની વ્યાધિ રહિતનું મોક્ષપદ તથા પરમ કલ્યાણસ્વરૂપ સદ્ધર્મ છે. તેને દેખાડનાર સદ્‌ગુરુ છે. કરોડો રૂપિયા હોય પણ તે જડ વસ્તુ જ્ઞાન આપે નહિ. આ નિશ્ચયધર્મમાં સત્પુરુષનો આત્મા જ બીજા આત્માને ઉપકારી નિમિત્ત થાય. સદ્‌ગુરુ સત્‌ને ઓળખાવનાર છે, માટે *ઉપકારીને પ્રથમ ઓળખવા જોઈએ, એ જ જીવનદાતા છે.* અભયદાનમાં તો કદી એક જીવને તમે બહારથી રક્ષણ આપ્યું પણ તે મરીને તો સંસારમાં રખડવાનો છે, તેનું કંઈ કલ્યાણ ન થયું. પણ "પ્રવચનઅંજન જો સદ્‌ગુરુ કરે, દેખે પરમ નિધાન." આત્માની પૂર્ણ સ્વાધીન અનંતશક્તિને પ્રગટ દેખાડી દે એવા એ સદ્‌ગુરુ પોતે સત્‌દેવ અને સદ્ધર્મ એટલે આત્મધર્મનું સ્વરૂપ દેખાડે છે. તે ગુરુનો મહિમા અપાર છે. "આરૂગ્ગં બોહિલાભં"–ભવરોગ રહિતની ભાવસમાધિ મને આપો, એમ કોણ કહે? જે સમજ્યો હોય કે મારામાં મળ, મેલ કે રોગ નથી. હું સિદ્ધસમાન શુદ્ધ છું એમ સમજીને ઉપકારી સદ્‌ગુરુની ભક્તિવડે પુરુષાર્થને ઉપાડે છે. નિયમસારમાં નિર્ગ્રંથ મુનિશ્રી પદ્મપ્રભમલધારિદેવ સદ્‌ગુરુનો મહિમા કરતાં ભક્તિરસની છોળ ઉછાળે છે, પોતે મહા પવિત્ર, નગ્ન દિગમ્બર નિર્ગ્રંથ મુનિ હતા છતાં કહે છે કે હે સદ્‌ગુરુ! હે નાથ! આપે અનંત ઉપકાર કર્યો છે. ગુરુનાં ચરણકમળ વિના શુદ્ધ આત્મધર્મ કેમ પ્રગટે? કેવળજ્ઞાન કેમ પ્રગટે?

## 卐 અરેરે ! કેટલી અધોમુખદશા ! 卐

આ પંચમકાળમાં સાક્ષાત્ સર્વજ્ઞ પરમાત્માના વિરહ પડ્યા. ભગવાન કુંદકુંદાચાર્ય જેવા ધર્માચાર્યના સત્સંગ બહુ દુર્લભ થયા. આવા દુષમકાળમાં જ્ઞાનીને નહિ ઓળખનાર લોકો નિંદા કરે છે કે શ્રીમદે જગતમાં પૂજાવા માટે બધું લખ્યું છે. અરેરે! કેટલી અધોમુખદશા! જ્ઞાનીને તેની દયા આવે છે કે અરે! તે બિચારા મહામોહને વશ સ્વયં અપરાધી થાય છે. જેમ ઊંધો ઘડો હોય તેની ઉપર બધા ઘડા ઊંધા જ આવે, તેમ જેને અસત્‌નો આદર છે, ઊંધી શ્રદ્ધા છે તે શાસ્ત્ર વાંચે તોપણ તેમાંથી અવળું કાઢે. જગત ત્રણેકાળ રહેવાનું છે, જ્ઞાની બધું સમજે છે. છતાં સર્વ જીવો ધર્મ પામી જાય એવી ધર્માત્માને અંતરકરુણા થઈ જાય છે, એટલે કે મારો આત્મા જલદી પૂર્ણ પવિત્ર પદને પામી જાઓ; સંસારના જીવો પ્રત્યે સમાન

કરુણા છે. સત્‌ની નિંદા કરનાર-ભૂલ કરનાર તો તેની ક્ષણિક લાગણી છે, પણ પરમાર્થે તે આત્મા પણ સિદ્ધ જેવો છે, એમ નિષ્કારણ કરુણા આવે છે. જ્ઞાની તેને વર્તમાનમાં જ દુઃખી દેખે છે અને કહે છે કે–ભાઈ! તારી ઊંધાઈનું ફળ તું વર્તમાનમાં દેખી શકતો નથી પણ ભવિષ્યમાં તારું દુઃખ તું કોઈને બતાવી પણ નહિ શકે, તેથી દયા આવે છે.

## 卐 સત્પુરુષની ભક્તિ તે સ્વરૂપભક્તિ 卐

ગુરુભક્તિનો મહિમા–"ગુરુભક્તિસે લહે તીર્થપતિ પદ શાસ્ત્રમેં વિસ્તાર હૈ, ત્રિકાળી જયવંત વર્તો શ્રી ગુરુરાજને નમસ્કાર હૈ." સત્પુરુષની ભક્તિ તે સ્વરૂપભક્તિ છે. તે કેવી હશે? શાસ્ત્રમાં કહ્યું છે કે તીર્થંકરની તથા સદ્‌ગુરુની ભક્તિ વડે તીર્થંકર નામકર્મ બંધાય, તે સર્વોત્કૃષ્ટ પુણ્યનો પ્રભાવ ત્રણે લોકમાં કલ્યાણકારી ગણાય છે. સો ઈન્દ્રો જેમના ચરણો સેવે એવો ગુરુભક્તિનો મહિમા છે, તો પછી સ્વભાવની સ્વરૂપભક્તિની શી વાત? તીર્થંકર ભગવાન સર્વજ્ઞદેવ દેવાધિદેવ છે. અઢાર દોષ રહિત છે, ત્રણલોકના નાથ, પૂર્ણ વીતરાગ જિનેશ્વર ભગવાન છે. તેમને ઉત્કૃષ્ટ પુણ્યનો સંયોગ હોય છે. તેમનું શરીર પરમ ઔદારિક, સ્ફટિક જેવું હોય છે. ઈન્દ્રો આવીને સમવસરણ (ધર્મસભા)ની અલૌકિક રચના કરે છે, આ બધું વારંવાર યુક્તિ-પ્રમાણથી સિદ્ધ કરવા ન બેસાય. આગળ ઘણીવાર કહેવાયું છે માટે શંકા ન કરવી. વર્તમાનમાં પણ પંચમહાવિદેહ ક્ષેત્રમાં સાક્ષાત્‌ સર્વજ્ઞ ભગવાન પરમાત્મા શ્રી સીમંધર પ્રભુ બિરાજી રહ્યા છે. આ જે જે સ્થિતિ કહીએ છીએ તે સ્થિતિ એમ જ છે, તેમાં શંકાને સ્થાન નથી. તેના ઘણાં પ્રમાણો છે અને આત્માની સર્વોત્કૃષ્ટ પવિત્ર દશામાં એમ હોવા યોગ્ય છે. તે વિષે શાસ્ત્રમાં વિસ્તાર છે અને સ્વભાવે સિદ્ધ સ્વયં આત્મામાં વિસ્તાર છે.

## 卐 પાંચમા આરાના છેડા સુધી જ્ઞાનીનો સદ્‌ભાવ છે 卐

*અત્રે જે પ્રકારે શ્રી સદ્‌ગુરુનું માહાત્મ્ય કહેવામાં આવે છે તેમાં જરાય અતિશયોક્તિ નથી.* આત્માનું યથાર્થ સ્વરૂપ સમજાયે, જે જે વસ્તુસ્થિતિ છે તે સમજાય, તેમાં વિરોધ ન આવે. ધર્માત્મા (સાધક) ગુરુભક્તિ વિશેષપણે કરે છે, કેમ કે તેમને હજી પ્રશસ્ત રાગ છે. તે રાગની દશા બદલાવી છે. સત્‌ની પ્રીતિ

આગળ અસત્‌ને ભૂંસી નાખ્યું છે, દૃષ્ટિમાં સંસારનો અભાવ વર્તે છે, માત્ર મોક્ષમાર્ગમાં પ્રયાણ છે, સંસારનો (ભવનો) અવકાશ નથી, એવો સાધકભાવ પૂર્ણતાના લક્ષે ઊછળીને કહે છે કે "ત્રિકાળ જયવંત વર્તો શ્રી સદ્‌ગુરુરાજને નમસ્કાર હૈ." પોતાનો વીતરાગભાવ જયવંત વર્તાવીને ગયા છે. શાસનને નભવું છે માટે એવા પુરુષો પાકે જ અને તેને ઓળખનારા પણ જાગે જ. *પાંચમા આરાના છેડા સુધી જ્ઞાનીનો સદ્‌ભાવ છે,* માટે જ ત્રિકાળ જયવંત વર્તે છે. સંસારમાં લખાય છે કે "ચિરંજીવી હો," તેનું ચિરંજીવીપણું તો દેહના નિમિત્તે છે, પણ આ અવિનાશી ચૈતન્ય નિત્યમાંથી જાગ્યો એવો નિજસ્વરૂપ આત્માનો સત્‌ધર્મ તે વિશ્વમાં જયવંત વર્તે છે. "ત્રિકાળ જયવંત વર્તો શ્રી ગુરુરાજને નમસ્કાર હૈ. પ્રણમું પદ તે વર તે જય તે." એમ "પ્રણમી શ્રી ગુરુરાજકે પદ, આપ-પરહિત કારણં, જયવંત શ્રી જિનરાજવાણી કરું તાસ ઉચ્ચારણં."

"ભવભીત ભવિક જે ભણે; ભાવે સુણે સમજે શ્રદ્ધે."

સત્ શ્રુતનો અભ્યાસ કરે, ગાય, ભાવના કરે, સાંભળે સમજે અને માને તેનું ફળ સમ્યગ્દર્શન છે. જેવું શુદ્ધ આત્મસ્વરૂપ પરમાર્થે છે તેવું માનવું એ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌ચારિત્રની અભેદતા (એકતા) લહી, પોતાના શુદ્ધ સ્વભાવમાં પૂર્ણ સ્થિરતા સાધીને જીવ નિજપદને પામે છે.

## 卐 શ્રીમદ્‌ના પુસ્તકમાં ઘણી અર્થસૂચક ગંભીરતા ભરી છે 卐

*શ્રીમદ્‌ના પુસ્તકમાં ઘણી અર્થસૂચક ગંભીરતા ભરી છે,* તેમાં 'પ્રાયે' 'મુખ્યપણે' વગેરે શબ્દો છે. તેની અપેક્ષા સાધારણ જીવને ન સમજાય તેવું પણ કોઈ ઠેકાણે આવે છે, માટે સત્સમાગમથી વાંચવું–વિચારવું. શ્રી કુંદકુંદ આચાર્યકૃત 'પંચાસ્તિકાય' ટૂંકી ભાષામાં, અદ્‌ભુત ભાવ ગ્રહીને શ્રી રાજચંદ્રજીએ સૂક્ષ્મબુદ્ધિથી લખ્યું છે, દ્રવ્યસંગ્રહની ગાથાનો અર્થ પણ લીધો છે. એમ મહાન આચાર્યોનો અનુભવ પોતે પોતાની નોંધમાં ટપકાવી લીધેલ છે અને વાંચનારને સુગમ પડે એવી રચના બની છે, છતાં તેમની વાણીમાં એટલું બધું ગૂઢપણું છે તેમાં 'પ્રાયે' એટલે 'કથંચિત્' (–સાપેક્ષપણે) સમજવાનું ઘણું હોય છે. *તે સમજવા માટે મધ્યસ્થતા અને વિશાળબુદ્ધિ જોઈએ.* જો આગળ-પાછળની સંધિ, અપેક્ષા મેળવ્યા વિના કોઈ વાંચે તો ભાવમાં

સંધિ તૂટી જાય અને સરખો મેળ બેસે નહિ. માટે સત્સમાગમે વાંચવા-વિચારવા ભલામણ છે.

શ્રીમદે તો મનુષ્ય જીવનમાં પોતાનું સુકૃત્ય કર્યું અને આત્માની અખંડ સમાધિ લઈને ગયા છે, તેમ જે કોઈ મુમુક્ષુ પોતાના આત્માનું સ્વરૂપ સમજવાના લક્ષે જ (માત્ર મોક્ષ અભિલાષ, સંસારની અંશમાત્ર ઇચ્છા નહિ) આત્માની વાસ્તવિક પ્રતીતિ કરવા ધારે તો આ કાળમાં પણ આત્મધર્મ આરાધી શકાય છે. *બધાના ઘરમાં સૌએ આત્મસિદ્ધિ મોઢે કરવા જેવી છે તથા મોક્ષમાળા જેમાં ૧૦૮ મણકારૂપ પાઠ આવે છે તે નાનાં બાળકોએ અને વૃદ્ધોએ પણ વાંચી જવા ભલામણ છે.* શ્રીમદ્‌ને સાતમે વર્ષે તો જાતિસ્મરણ જ્ઞાનના સંસ્કાર પ્રગટ્યા હતા. મોક્ષમાળામાં જીવતત્ત્વની વ્યાખ્યા કરતા બે નય ગોઠવ્યા છે :—

(૧) દ્રવ્યાર્થિકનય, (૨) ભાવાર્થિકનય.

તે તત્ત્વબોધ પાઠમાં કહેલ છે. ઘણી નાની ઉંમરમાં જુઓ તો ખરા! દ્રવ્યાર્થિકનય અને ભાવાર્થિકનય એમ અંદરથી વાત કાઢી છે અને કહ્યું છે કે ભગવાને બે પ્રકારે દ્રવ્યને ઓળખાવ્યાં છે. દ્રવ્યાર્થિક અને ભાવાર્થિક, એમાં કેટલી સરસ બુદ્ધિ અને સંસ્કારનો મેળ દેખાડ્યો છે. ભાવ અને પર્યાય એક છે. લોકોને એંશી વર્ષે પણ ખબર ન પડે કે દ્રવ્યાર્થિકનય શું અને પર્યાયાર્થિકનય શું હશે? ભાવાર્થિકનય એટલે આત્માની સમય સમયવર્તી અવસ્થા બતાવનારું જ્ઞાનનું પડખું. વિશ્વમાં છ સ્વતંત્ર દ્રવ્યો છે. તેને ઓળખાવનાર દ્રવ્યદૃષ્ટિ છે. સામાન્ય અને વિશેષ અંશને સાપેક્ષપણે બતાવે તેને નય કહે છે.

卐 સાધારણ જીવોના ટૂંકા ગજ વડે જ્ઞાનીના
મહાન હૃદયના આંક ના અંકાય 卐

શ્રીમદે સોળ વર્ષ અને પાંચ મહિને મોક્ષમાળા રચી. પછી ઉત્તરોત્તર તેમનું જીવન જોશો તો તેમાં લોકોત્તર સુગંધ જોઈ શકશો. એ બધા સંસ્કાર પૂર્વ ભવના હતા. *એવા જ્ઞાની પુરુષ હયાત હતા ત્યારે તેમનો લાભ લેનાર ખાસ કોઈ નહોતું.* કોઈ લાવો તો ખરા કે એ સંદેશો કેમ હશે? એક વખત તેઓ પૂર્વ જન્મના સંસ્કારની ભાવના ભાવે છે કે ધન્ય તે સત્સમાગમ! પૂર્વે જે સત્સમાગમ કર્યા

તે ક્ષેત્ર, તે કાળ અને ભાવ સાંભરે છે. ધન્ય એ સત્સમાગમનો આનંદ! પ્રવૃત્તિમાં બેઠા છતાં તે નિવૃત્તિ સંયોગ અને સત્સમાગમ યાદ આવે છે. આ તે એકાન્ત વનક્ષેત્રમાં બેઠા છે કે ઝવેરાતના ધંધામાં છે? ધર્માત્માને ઓળખવા માટે અંતરંગદષ્ટિ ખીલવવી જોઈએ. ધર્માત્માની અંતરની ઉજળાઈ ધર્માત્મા જ જાણે. *સાધારણ જીવોના ટૂંકા ગજવડે જ્ઞાનીના મહાન હૃદયના આંક ના અંકાય.*

દૃષ્ટાંત :—જેમ નિશાળે ભણનારો નવ વર્ષનો બાળક રવિવારનો દિવસ હોવાથી ઘેર હતો, તેનો બાપ બજારેથી આલપાકનો તાકો લાવ્યા. તે નવ વર્ષનો છોકરો કહે, "બાપા! આ તાકો કેટલા હાથ છે?" ત્યારે બાપે કહ્યું, "આ આલપાકનો તાકો પચાસ હાથ છે." છોકરે ભરવા માંડયો તો પંચોતેર હાથ થયો. ત્યારે છોકરો કહે, "બાપા! તમારી વાત ખોટી છે, આ તાકો પંચોતેર હાથ છે." ત્યારે બાપે કહ્યું કે "અમારા લેવડદેવડના કામમાં તારો હાથ ન ચાલે." ત્યારે છોકરો કહે છે કે "શું હું માણસ નથી? મારો હાથ શું નથી?" જેમ વ્યવહારના માપમાં બાળકોનો હાથ કામ ન આવે, તેમ ધર્માત્માના કાળજાં બાળ જીવો (અજ્ઞાની)થી મપાય નહિ. પણ બાળક મટીને યોગ્ય થાય, તો પછી મેળ બેસી જાય. પૂછવા શેનો આવે! માટે *જ્ઞાનીને ઓળખવા પ્રથમ તે માર્ગનો પરિચય કરવો પડશે. રુચિ વધારો, વિશાળબુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા, જિતેન્દ્રિયપણું એ ગુણો જોઈએ. હિત-અહિતની પરીક્ષા કરતાં શીખવું પડે. સંતની પરીક્ષા થયે સત્‌નો આદર થાય* અને તો જ ધર્માત્માનો ઉપકાર સમજી શકાય અને ત્યારે પોતાના ગુણનું બહુમાન આવે. વર્તમાનમાં જ અપૂર્વ શાન્તિ પ્રગટે, કોઈને પૂછવા જવું ન પડે. ॥ ઈતિ ॥

બહારની વિપદા એ ખરેખર વિપદા નથી. બહારની સંપદા એ ખરેખર સંપદા નથી. ચૈતન્યનું વિસ્મરણ મોટી વિપદા છે, ચૈતન્યનું સ્મરણ તે જ સાચી સંપદા છે.

—*પૂજ્ય ગુરુદેવશ્રી*

# નિશ્ચય–પ્રતિક્રમણ પ્રત્યાખ્યાન આલોચના

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૧૩)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રનો બીજો અધિકાર છે. ૬૪મી ગાથા ચાલે છે.

આ રીતે નિશ્ચયપ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચનામાં સ્થિત થઈને જે કોઈ, વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહારપ્રત્યાખ્યાન અને વ્યવહાર આલોચના આ ત્રણેયને અનુકૂળ વંદના, નિંદા આદિ શુભોપયોગ છે, તેને છોડે છે તેને જ્ઞાની કહેવાય છે, અન્યને નહિ.

આત્માનો સ્વભાવ શુભાશુભરાગથી રહિત છે એવા આત્માના અનુભવ સહિત સમ્યગ્દર્શન તો હોય પણ જ્યાં સુધી આત્મામાં ઠરી ન શકે ત્યાં સુધી જ્ઞાનીને શુભરાગ આવે છે તેને વ્યવહારપ્રતિક્રમણ કહેવાય છે. જ્યારે એ શુભરાગને પણ છોડીને સ્વરૂપમાં ઠરી જાય છે તેને સાચું પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચના કહેવાય છે. એ જ સાક્ષાત્ મોક્ષનું કારણ છે.

સારાંશ એ છે કે જ્ઞાની જીવ પહેલાં તો અશુભભાવને છોડીને શુભભાવમાં પ્રવૃત્ત થાય છે, પછી શુભભાવને પણ છોડીને શુદ્ધમાં લાગી જાય છે. આ ચારિત્રની વાત છે તેથી પહેલાં અશુભને છોડવા અને પછી શુભને છોડવાની વાત છે. શ્રદ્ધા અપેક્ષાએ તો શુભાશુભથી રહિત શુદ્ધ ચૈતન્યની પ્રતીતિ અને અનુભવ કરવો તે પ્રથમ કર્તવ્ય છે. તે જ નિશ્ચય સમ્યગ્દર્શન છે. તે થયા પછી ચારિત્રદશામાં ધર્મી પહેલાં અશુભનો ત્યાગ કરી શુભમાં પ્રવર્તે છે. તેમાં વ્યવહારપ્રતિક્રમણાદિ ભાવ હોય છે.

પૂર્વે કરેલાં પાપોની નિવૃત્તિ તે વ્યવહારપ્રતિક્રમણ છે, જે અશુભપરિણામ ભવિષ્યે થવાયોગ્ય છે તેને રોકવા તે વ્યવહારપ્રત્યાખ્યાન છે અને વર્તમાનકાળમાં શુભની પ્રવૃત્તિ અને અશુભની નિવૃત્તિ તે વ્યવહારઆલોચના છે. આવા પ્રકારના ભાવ પુણ્યબંધના કારણ છે પણ મોક્ષના કારણ નથી.

પ્રથમ તો, ભગવાન આત્માની ઓળખાણપૂર્વક મહિમા આવવી જોઈએ. જગતને અનાકુળ આનંદના નાથ આત્માની મહિમા જ આવતી નથી. જગતને પરપદાર્થની જ મહિમા આવે છે અથવા તો શુભરાગની મહિમામાં રોકાઈ જાય છે પણ શુભરાગ કાંઈ મોક્ષનું કારણ નથી. મિથ્યાદૃષ્ટિ હોય તેને મિથ્યાત્વ સહિત પુણ્યબંધનું કારણ છે અને સમ્યગ્દૃષ્ટિને શુભરાગ મિથ્યાત્વ રહિત પણ પુણ્યબંધનું જ કારણ છે, કાંઈ સંવર-નિર્જરા કે મોક્ષનું કારણ નથી.

આત્મા શુદ્ધ આનંદકંદ છે, ચૈતન્યરત્નની વજ્રમય કાંતળી છે. એવું અંતરમાં દર્શન થવું તેને પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન કહે છે. આ સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્રમાં બે ભાગ પડે છે, તેમાં એક તો એ કે અશુભરાગ છૂટીને શુભરાગમાં આવવું તે અથવા રાગની તીવ્રતા છૂટીને મંદરાગમાં આવવું થાય છે. હિંસા, જૂઠ, ચોરી, વિષયાદિને છોડીને શુભરાગમાં આવે છે, આ રાગની મંદતા પુણ્યનું કારણ છે પણ મોક્ષનું કારણ નથી કેમ કે એ સંવર-નિર્જરારૂપ નથી.

સમ્યગ્દ્રષ્ટિને આત્માના અતીન્દ્રિય અનાકુળ આનંદનો અનુભવ છે તેથી 'ચાખે રસ ક્યુ કરી છૂટે?' ઉપરથી દેવતાના ટોળેટોળા આવીને કહે કે આત્મામાં આનંદ નથી એમ તમે માનો. પણ જેણે આત્માના અતીન્દ્રિય આનંદનો રસ ચાખી લીધો છે તે કેમ માને? માખી જેવું પ્રાણી પણ ફટકડીને છોડીને સાકરનો સ્વાદ લેવામાં જ ચોંટી જાય છે, ત્યાંથી ખસતું નથી કેમ કે તેમાં મીઠાશ લાગે છે, ફટકડીનો ગાંગડો ભલે મોટો હોય પણ તેમાં મીઠાશ નથી લાગતી તેથી ત્યાં ચોંટતી નથી તેમ, પુણ્ય-પાપનો સ્વાદ ફટકડી જેવો છે અને ભગવાન આત્માનો અતીન્દ્રિય સ્વાદ સાકરના જેવો મીઠો છે તેથી ધર્મી તેમાં જ લીન થાય છે. સાકરના જેવો સ્વાદ એટલે? જડ નહિ, આ તો દૃષ્ટાંત છે. સાકરનો સ્વાદ મીઠો છે તેમ આત્માનો અતીન્દ્રિય સ્વાદ મીઠો છે.

આ તો ધર્મના એકડાં સમાન સમ્યગ્દર્શનની વાત ચાલે છે. સાક્ષાત્ ત્રિલોકીનાથ કેવળજ્ઞાની ભગવાને આત્માને જેવો જાણ્યો અને અનુભવ્યો એવો આત્મા જગતને બતાવ્યો-કહ્યો છે. તેવો આત્મા જેણે પોતાની દૃષ્ટિમાં લઈને અનુભવ્યો છે તેને અતીન્દ્રિય આનંદની રુચિના પોષાણમાં વારંવાર ચિત્ત ત્યાં જ જાય છે. સાલમપાક એકવાર ચાખ્યો હોય તેને પછી જુવારના ફોતરાંના રોટલાનો સ્વાદ સારો ન લાગે.

આત્મપદાર્થને સર્વજ્ઞ પરમેશ્વરે કેવો જોયો છે—કે જે શાશ્વત્ સત્ પદાર્થ છે, જેમાં દુઃખની ગંધ નથી–દુઃખનો ભાવ નથી એટલે કે આસ્રવ તત્ત્વ નથી, જેમાં અજીવ–શરીર, વાણી, મન કે કર્મ નથી, જેમાં રૂપીપણું નથી પણ અરૂપીપણું છે, દુઃખ નથી પણ સુખ છે. આવા સુખરૂપી અને અરૂપી આત્માની સમ્યગ્દૃષ્ટિ થઈ હોવાથી અને તેનો સ્વાદ લીધો હોવાથી ધર્મીનું ચિત્ત વારંવાર તેમાં જ લાગ્યા કરે છે. ગૃહસ્થાશ્રમમાં હો, પાપના પરિણામ આવતાં હોય પણ ચિત્તમાં તો આત્મા વસેલો છે ત્યાં જ ચિત્ત ગયા કરે છે. શુભપરિણામમાં પણ ચિત્ત ચોંટતું નથી. તેથી શુભને પણ છોડીને ધર્મી શુદ્ધભાવમાં લાગી જાય છે.

આ વાત કૃત્રિમ નથી, કહેવામાત્ર નથી, એના ભાવભાસનમાં એ આવવું જોઈએ. ઊંચી જાતની મોટી કેરીની એક ચીર ચાખે તેનો સ્વાદ પણ એવો આવે કે ભૂલાતો

નથી, એવી મીઠાશ–મધુરાશ હોય કે બીજા કોઈ ફળમાં ન હોય એવો સ્વાદ લીધો તેનું ચિત્ત ત્યાં ગયા કરે, પહેલાંના જમાનામાં ગાય–ભેંસોને કપાસની વખારમાં છૂટાં મૂકી દેતાં એટલે ધરાઈને કપાસ ખાય તેના દૂધના દહીં અને ઘી કેવાં હોય ! તેનો સ્વાદ ચાખ્યો હોય તેને અત્યારના દૂધ, દહીં, ઘીમાં કાંઈ સ્વાદ ન લાગે. તેમ આત્માના અનાકુળ અતીન્દ્રિય આનંદના સ્વાદ ચાખ્યાં છે તેને શુભરાગના સ્વાદ પણ સારાં લાગતા નથી. અશુભરાગથી છૂટવાં શુભરાગ ભલે આવે પણ ચિત્ત એટલે દૃષ્ટિ તો શુદ્ધ અનુભવમાં લાગી છે તેથી ધર્મી શુભને પણ છોડીને શુદ્ધોપયોગમાં રમે છે. આનંદના સ્વાદ આગળ શુભરાગના સ્વાદની મીઠાશ લાગતી નથી.

અશુભભાવ પણ ધર્મીને આવે છે, ગૃહસ્થાશ્રમમાં છે તેથી વિષયાદિનો રાગ આવે છે પણ તેમાં પ્રેમ કે મીઠાશ નથી. ચૈતન્યની મીઠાશ પાસે એ રાગ ઝેર જેવો લાગે છે. તેથી તીવ્ર ઝેરરૂપ અશુભને છોડીને શુભમાં આવે છે તે વ્યવહારપ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચના છે. વ્યવહારમાં અશુભનો ત્યાગ અને શુભભાવનું ગ્રહણ હોય છે અને નિશ્ચયમાં શુભ, અશુભ બંનેનો ત્યાગ હોય છે. શ્રીમદે કહ્યું છે ને !

'ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન,
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.'

સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે આત્માને એકલાં જ્ઞાનાનંદની મૂર્તિરૂપે જોયો છે. આત્મામાં ભગવાને દુઃખ જોયું જ નથી. દુઃખ છે એ આત્માની વિકૃત પર્યાય છે, એ આસ્રવતત્ત્વ છે, તે કાંઈ આત્માનું સ્વરૂપ નથી. આવા આત્માને તો જાણે નહિ અને સાધુ નામ ધરાવી ડુંગળી ખાય અને તેનો રસ લે એ તો તીવ્ર મિથ્યાદૃષ્ટિ છે.

જ્ઞાનાનંદસ્વભાવની મીઠાશ લેનારાં જ્ઞાનીને શ્રદ્ધાનો દોષ તો તરત છૂટી ગયો પણ અસ્થિરતા જલ્દી છૂટતી નથી તેથી તેને પ્રથમ અશુભમાંથી પ્રવૃતિ છૂટીને શુભરાગની પ્રવૃતિ આવે છે. પછી શુભને પણ છોડી શુદ્ધમાં જાય ત્યારે તેને વિશેષ આનંદમાં પ્રવૃત્તિ થાય છે તેને સાચું અર્થાત્ નિશ્ચયપ્રતિક્રમણ–પ્રત્યાખ્યાન– આલોચના કહેવાય છે. બાકી જેની દૃષ્ટિ જ સાચી થઈ નથી તેને તો વ્યવહારે પણ પ્રતિક્રમણાદિ હોતાં નથી.

આગળ આ જ કથનને ૬૫ ગાથામાં દૃઢ કરે છે

वंदणु णिंदणु पडिकमणु णाणिहिँ एहु ण जुत्तु ।
एक्कु जि मेल्लिवि णाणमउ सुद्धउ भाउ पवित्तु ।।६५।।

અર્થ :—વંદના, નિંદા અને પ્રતિક્રમણ આ ત્રણેય પૂર્ણજ્ઞાનીઓને યોગ્ય નથી. એક જ્ઞાનમય પવિત્ર શુદ્ધભાવ સિવાય જ્ઞાનીએ કોઈ કાર્ય કરવાયોગ્ય નથી.

અહીં, શુભરાગ પણ અશુદ્ધભાવ છે માટે પૂર્ણજ્ઞાનીઓએ તેમાં રહેવું યોગ્ય નથી એમ સિદ્ધ કરવું છે. વંદના, નિંદા અને પ્રતિક્રમણ આ ત્રણેય શુભરાગ છે. જ્ઞાનીએ તો એક જ્ઞાનમય શુદ્ધ અતીન્દ્રિય આત્માના ધ્યાન સિવાય કોઈ કાર્ય કરવા યોગ્ય નથી. શુભ કે અશુભ કોઈ ભાવ લાવવો કે કરવોયોગ્ય નથી.

शुद्ध पवित्र भावं मुक्त्वा એટલે શુદ્ધ પવિત્ર ભાવ સિવાય જ્ઞાનીએ કોઈ અશુભરાગ કે શુભરાગ કરવા યોગ્ય નથી. વસ્તુમાં કોઈ શુભાશુભ ભાવ નથી પણ જ્ઞાનીને અશુભથી બચવા શુભરાગ આવે છે તે પણ કરવા યોગ્ય નથી, શુદ્ધભાવમાં જ રહેવા યોગ્ય છે એમ કહે છે.

દેવ-શાસ્ત્ર-ગુરુની વંદના કરવી તે 'વંદના'. પાપનું પ્રાયશ્ચિત્ત કરવું, પોતાના દોષની નિંદા કરવી તે 'નિંદા' અને અશુભથી છૂટી શુભભાવરૂપ પ્રતિક્રમણ કરવું તે 'વ્યવહારપ્રતિક્રમણ' છે. જ્ઞાનીને તો શુદ્ધ સ્વભાવની રુચિ થઈ છે અને સ્વભાવમાં લીનતા કરે છે માટે કહ્યું કે સ્વભાવમાં લીનતારૂપ શુદ્ધભાવ સિવાય જ્ઞાનીઓએ કાંઈ કરવું યોગ્ય નથી.

કોઈને કરોડોની મૂડી હોય અને છોકરાઓ લાખો રૂપિયા કમાતાં હોય, આબરૂ ઘણી હોય એ જોઈને અજ્ઞાનીઓ તો ખુશ થઈ જાય, લાખ રૂપિયાની મોટરમાં પોતે ફરતો હોય તો કેટલી મજા આવતી હશે ! અરે ! ધૂળેય મજા નથી. મફતનો આકુળતાના રાગને સેવે છે. ત્યાં આનંદ ક્યાં હતો ! સુખ-દુઃખ તો આત્માની દશામાં છે, બહારમાં સુખ પણ નથી અને દુઃખ પણ નથી. આનંદસ્વરૂપ આત્માની દૃષ્ટિ અને જ્ઞાનમાં આનંદ છે અને એથી ઉલટો પરમાં સુખ-દુઃખની કલ્પના કરે છે તો તેથી એના પરિણામમાં દુઃખ થાય છે, બાકી, શરીર, પૈસા, મકાન આદિ તો અજીવ તત્ત્વ છે તેમાં સુખ કેવી રીતે હોય !

સંયોગો અનુકૂળ હોય તો હું સુખી અને સંયોગો પ્રતિકૂળ હોય તો હું દુઃખી એમ માનનારને ભગવાન મૂઢ કહે છે. તેને સાત તત્ત્વનું સ્વરૂપ શું છે તેની ખબર જ નથી.

ધર્મીને સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા છે તેથી આનંદ છે. જેટલી આત્માની શુદ્ધ પ્રતીતિ છે તેટલો આનંદ છે, જેટલું શુદ્ધ પવિત્ર આત્માનું જ્ઞાન છે એટલો આનંદ છે, બીજું જ્ઞાન નહિ પણ આત્માને સ્પર્શીને જેટલું જ્ઞાન થયું છે એટલો આનંદ છે અને શુભાશુભ છોડીને જેટલી પવિત્ર સ્વભાવમાં સ્થિરતા છે તે જ આનંદનું રૂપ છે. એ સિવાય બીજે ત્રણકાળ ત્રણલોકમાં ક્યાંય આનંદ નથી.

આત્મામાં જ સુખ છે, બીજે ક્યાંય સુખ નથી એમ માનતો નથી તેણે ભગવાનને

માન્યાં જ નથી. ભગવાન કહે છે કે આત્મામાં આનંદ છે અને તું કહે છે કે પૈસામાં આનંદ છે તો તું ભગવાનનો વૈરી થયો. ત્રિલોકીનાથ ભગવાન કહે છે કે અમારા આત્મામાં આનંદ છે અને તમારા આત્મામાં પણ આનંદ છે એમ અમે જોઈએ છીએ અને તું કહે છે કે મને ધન, મકાન, આબરૂ આદિમાં આનંદ આવે છે તો તું મૂઢ છો, સર્વજ્ઞદેવથી તું વિરૂદ્ધ થયો.

णाणमउ सद्धउ भाउ पवित्तु। આત્મા જ્ઞાનનો ગાંગડો છે તે જ્ઞાનમય આત્મામાં શ્રદ્ધા–જ્ઞાન સહિત એકાગ્રતા થાય તે પવિત્ર આનંદમય દશા છે, બાકી, ત્રણકાળમાં ક્યાંય આનંદ નથી. પણ મૂઢને આનંદ શું એનું જ ભાન નથી તેથી બહારમાં આનંદ લાગે છે. હરખસનેપાતિયા હસતાં દેખાય પણ એ શું સુખી છે! મૂઢતા છે તેથી હસે છે પણ એમાં આનંદ ક્યાંથી હોય! આત્મા આનંદસ્વરૂપ છે તેને તો માને નહિ અને પરમાં આનંદ માને તેની દૃષ્ટિ જ મિથ્યા છે.

અહીં કહે છે કે આનંદસ્વરૂપ આત્માની દૃષ્ટિ, જ્ઞાન સહિત શુભ છોડીને શુદ્ધભાવનું પરિણમન થયું તેને પવિત્ર અને સુખરૂપ દશા કહેવાય છે.

અજ્ઞાનીને એમ થાય કે આવી દશા પ્રગટ કરવા માટે તો બાવા થઈ જવું પડે તેમ લાગે છે પણ ભાઈ! તું બાવો જ છો. તારી ચીજમાં બીજી ચીજે પ્રવેશ જ ક્યાં કર્યો છે! તું એકલો જ છો. અરે! દુઃખની દશા ઉત્પન્ન થાય છે એ પણ જીવના સ્વરૂપમાં નથી. જીવનું સ્વરૂપ દુઃખથી રહિત છે. ભગવાને કહેલાં નવતત્ત્વને સમજ તો તને બધું સમજાય જશે. તું પોતે જીવ તત્ત્વ છો. શરીર-મકાન-ધનાદિ અજીવતત્ત્વ છે, તારી પર્યાયમાં શુભાશુભભાવ ઉત્પન્ન થાય છે તે આસ્રવતત્ત્વ છે. આસ્રવ એટલે નવા કર્મબંધનું કારણ છે. મેલ છે તે મેલ કાઢીને પવિત્રભાવ પ્રગટ કરવો તે સંજર–નિર્જરા છે, તે નવાકર્મને રોકનાર અને જૂના કર્મને ટાળનાર છે. એ જ તને પૂર્ણ પવિત્ર દશારૂપ મોક્ષતત્ત્વ પ્રગટ થવાનું કારણ છે.

જેટલી શુદ્ધજ્ઞાનમયદશા પ્રગટ થાય છે એટલો પવિત્રભાવ છે. નારકીજીવ પણ સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તો એટલો એનો ભાવ પવિત્ર છે. એવી તીવ્ર પ્રતિકૂળ સંયોગની સ્થિતિમાં પણ જેટલો જ્ઞાનમયભાવ થયો છે તેટલો આનંદ છે. અહીં તો એથી પણ વિશેષ ચારિત્રના-સ્થિરતાની વાત કરી છે.

વસ્તુની શ્રદ્ધા ન કરે, જ્ઞાન ન કરે, ઓળખાણ પણ ન કરે અને ધર્મ થઈ જાય તે અશક્ય છે.

ભાવાર્થ :—આ આત્મતત્ત્વ કેવું છે તેની વાત કરે છે. પરમ આત્મતત્ત્વ પાંચ ઇન્દ્રિયના ભોગોની વાંછાથી લઈને સંપૂર્ણ વિભાવોથી રહિત કેવળ જ્ઞાનાદિ અનંતગુણરૂપ

તત્ત્વ છે. શરીર અને કર્મ તો જડ છે, તેનાથી તો આત્મા રહિત જ છે પણ અશુભ અને શુભ જે કોઈ વિભાવો છે તેનાથી પણ રહિત છે. તો શેનાથી સહિત છે ?—કે કેવળ એટલે માત્ર એકલું જ્ઞાન, એકલું દર્શન, એકલો આનંદ, એકલી સ્વચ્છતા આદિ અનંત ગુણોથી સહિત છે. ક્યારે ?—અત્યારે. આત્મવસ્તુ અરૂપી છે પણ સ્વરૂપી છે, અરૂપ સ્વરૂપ છે. અનંતગુણરૂપ પરમસ્વરૂપ આત્મતત્ત્વ છે. તેની સમ્યક્ શ્રદ્ધા કરવી એટલે કે શરીર, કર્મ અને શુભભાવ વિભાવની તો આત્મામાં નાસ્તિ છે માટે તેની શ્રદ્ધા ન કરવી પણ આત્મામાં છે શું ? આત્મા એકલા જ્ઞાનીની મૂર્તિ છે, શ્રદ્ધાની મૂર્તિ છે, સ્વચ્છતા, વિભુતા, પ્રભુતા, કર્તા, કર્મ આદિ ગુણની મૂર્તિ છે. આવા અનંતગુણના હોવાપણે જેનું હોવું છે તેની સમ્યક્ શ્રદ્ધા કરવી.

અહા ! આત્મા એકલા શાંતિની મૂર્તિ છે, એકલું દર્શનબિંબ છે, આનંદકંદ છે, વીર્યની મૂર્તિ છે. આવા અનંતગુણમૂર્તિને આત્મા કહે છે. આત્મા સમજણનો પિંડ છે, શાંતિ...શાંતિ...શાંતિની મૂર્તિ છે, વીતરાગતાથી પૂર્ણ છે. આવા અનંત જ્ઞાનાદિ ગુણ સ્વરૂપ આત્મતત્ત્વ છે. તેની સમ્યક્ શ્રદ્ધા, તેનું સમ્યગ્જ્ઞાન અને તેમાં આચરણરૂપ સમ્યક્ચારિત્ર નિર્વિકલ્પ સમાધિરૂપ છે, તેમાંથી પરમાનંદ પરમસમરસીભાવ ઉત્પન્ન થાય છે એ જ અમૃત-રસના આસ્વાદથી પૂર્ણ જે જ્ઞાનમયીભાવ તેમાં જ્ઞાની રહે છે. આ પર્યાયની વાત છે. પહેલાં, દ્રવ્યની વાત કરી તેની આ નિર્મળપર્યાય છે.

समाहिपरमुत्तमम्दिंतु એ તો લોગસ્સમાં બધાં બહુ બોલે છે પણ અર્થની ખબર ન હોય. ઉપર કહ્યો તેવા આત્માની સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન, આચરણની નિર્વિકલ્પ શાંતિને ભગવાન સમાધિ કહે છે કે જેમાં આધિ, વ્યાધિ અને ઉપાધિનો અભાવ છે તેનું નામ સમાધિ છે. આધિ એટલે મનની કલ્પનાથી થતું દુઃખ, વ્યાધિ એટલે શરીરના રોગ અને ઉપાધિ એટલે સંયોગિક મુશ્કેલીઓ. આ ત્રણેયનો જેમાં અભાવ છે અને પરમ શાંતિ પ્રાપ્ત છે એવી સમાધિથી ઉત્પન્ન થયેલો પરમ સમરસી એટલે પરમ વીતરાગ આનંદ તે જ અમૃતરસ છે. તેના આસ્વાદથી પૂર્ણ જે જ્ઞાનમયી ભાવ તેને પ્રાપ્ત જ્ઞાનીએ વ્યવહાર પ્રતિક્રમણ આદિ કરવાયોગ્ય નથી.

આ પર્યાયની વાત છે. અશુભપરિણામ તે વિકારીદશા છે, શુભપરિણામ પણ મંદ વિકારીદશા છે અને શુદ્ધ પરિણમન તે નિર્વિકારીદશા છે. અત્યારે પાંચમા આરામાં પણ ધર્મી જીવને આવી નિર્વિકારીદશા હોય છે તેનું આ વર્ણન છે. જે ધર્મી આત્માના અતીન્દ્રિય આનંદના આસ્વાદમાં તૃપ્ત થઈ રહ્યાં છે તેને એ દશા છોડીને વ્યવહાર-પ્રતિક્રમણ, વંદના, નિંદા આદિ વિકલ્પજાળમાં આવવા યોગ્ય નથી. વ્યવહારપ્રતિક્રમણ આદિ શુભરાગ છે—વિકલ્પની જાળ છે, તે કાંઈ નિર્વિકારી શુદ્ધ પરિણમન નથી, તેમાં

આત્માની અતીન્દ્રિય શાંતિ નથી. જ્યારે, રાગભાવને સર્વથા છોડીને પૂર્ણ જ્ઞાનમય ભાવમાં ઠરી જાય ત્યારે ચારિત્રની પૂર્ણતા થાય છે.

આ તો એવી વાત છે કે તેને સાંભળતા..... સમજતાં જાણે બીજાં દેશમાં હોય તેવો ભાવ રહે તો જ સમજાય તેવું છે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણેયની એકતા થાય તેને અહીં પૂર્ણતા કહી છે. કેવળજ્ઞાનની વાત નથી.

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો ડુંગર છે. તેના શ્રદ્ધા–જ્ઞાન કરવાથી અતીન્દ્રિય આનંદ ઝરે છે. તેમાં શ્રદ્ધા–જ્ઞાનનો ભાવ આવ્યો પણ જ્ઞાનની પૂર્ણતારૂપ ચારિત્રનો ભાગ ન આવ્યો. મોક્ષમાર્ગમાં જ્યારે ચારિત્રનો ભાગ પણ આવે ત્યારે ત્રણેય ભાવને એક જ્ઞાનમય કહેવાય છે. જ્ઞાનમય કહેતાં કેવળજ્ઞાનની વાત નથી. દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણની ઐક્યતાની પૂર્ણતા થઈ ગઈ એવા જ્ઞાનીને શુભભાવ કરવા લાયક નથી એટલે કે તેને આવા શુભભાવ હોતા નથી.

પંચમ-આરામાં પણ જેને ધર્મ કરવો હોય તેને માટે આ જ વાત છે. ચોથા આરામાં અને પાંચમા આરામાં સાકર તો સાકર જ હોય ને ! કાંઈ બીજી વસ્તુ સાકર થઈ જતી નથી તેમ, ચોથા આરામાં અને પાંચમા આરામાં કે સદાકાળ મોક્ષનો માર્ગ તો એક જ છે.

અહીં કહે છે કે જે મુનિ આત્માની દૃષ્ટિ અને જ્ઞાનપૂર્વક ચારિત્રની પૂર્ણતા કરી, શુભભાવને છોડે છે તે જ્ઞાનીને બીજું કાંઈ કર્તવ્ય ન હોઈ શકે. શુદ્ધોપયોગ એક જ તેનું કર્તવ્ય છે. આનંદમાંથી બહાર આવવું એ કાંઈ કર્તવ્ય છે ! ભર્યા ઘર મૂકીને બહાર ભટકવું એ કાંઈ યોગ્ય છે ! તેમ ભર્યા આનંદના ઘર મૂકીને વિકલ્પની જાળમાં ભટકવું એ કાંઈ યોગ્ય છે ? પરઘરમાં જવાનું છોડીને સ્વઘરમાં ઠરી જવું તેનું નામ જ્ઞાન અને ચારિત્રની પૂર્ણતારૂપ મોક્ષમાર્ગ કહેવાય છે. આવા મોક્ષમાર્ગે ચાલવાથી જલ્દી પરમાત્મદશા પ્રગટ થાય છે.

જ્યાં સુધી પૂર્ણદશા પ્રગટ ન થાય–પૂર્ણ સ્થિરતાનો યોગ ન હોય ત્યાં સુધી શુભભાવ હોય પણ તેને હેય જાણવો જોઈએ. પછી રત્નત્રયની ઐક્યતા થતાં, એવો ઠરા જાય કે શુભભાવમાં પણ ન આવે ત્યારે પરમાત્મદશાને પ્રાપ્ત થયા કહેવાય છે.

(ક્રમશઃ)

[તા. ૯-૧૨-૨૦૦૨]

# સુવર્ણપુરી સમાચાર

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

★ માગશર વદ અષ્ટમી, તા. ૨૭-૧૨-૨૦૦૨, શુક્રવારના દિવસે આપણા પરમપૂજ્ય દિગંબર-આચાર્ય શિરોમણી ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવનો 'આચાર્યપદારોહણદિન' છે. આ શુભ અવસર શ્રી સીમંધરસ્વામી-સમવસરણમંદિરમાં સંપન્ન થવાવાળા પૂજાભક્તિના સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

★ આ ઠંડીની ૠતુમાં યાત્રિકોનું આવાગમન પ્રતિદિન વધતું રહે છે. કેન્યા તથા લંડન વગેરે વિદેશમાંથી પણ શ્રી કહાનગુરુ-સાધનાભૂમિમાં અધ્યાત્મરસમય વાતાવરણનો લાભ લેવા માટે મુમુક્ષુ આવતા રહે છે. સોનગઢમાં ઉપલબ્ધ અનુભવપ્રધાન તત્ત્વજ્ઞાનમય આધ્યાત્મિક સમાગમથી તેઓ સર્વે ઘણાજ પ્રસન્ન તથા પ્રભાવિત થઈને ફરી ફરી આવવાની ભાવના પ્રદર્શિત કરે છે.

★ ડિસેમ્બર મહિનાની રજાઓમાં તા. ૨૪-૧૨-૨૦૦૨, મંગળવારથી તા. ૨-૧-૨૦૦૩, ગુરુવાર, દસ દિવસ સુધી સોનગઢમાં 'ધાર્મિક શિક્ષણવર્ગ' નું આયોજન કરવામાં આવ્યું છે.

અહો જયવંત વર્તો પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી તથા તેઓની ઉપકારછાયામાં પ્રતિદિન પ્રવર્ધમાન મંગલમય ધર્મભાવનોદય ! ! !

## ❋ પૂજ્ય બહેનશ્રીની ૭૧મી સમ્યક્ત્વજયંતી ❋

કલ્યાણમૂર્તિ સ્વાનુભવવિભૂષિત સમ્યગ્દર્શનનું અનુપમ તીર્થ પ્રવર્તાવનાર પરમ-તારણહાર પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો 'ભાવિતીર્થંકરદ્રવ્ય'રૂપ લોકોત્તર મહિમા પ્રકાશનાર પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૧મી વાર્ષિક 'સમ્યક્ત્વ-જયંતી' આગામી તા. ૨૭-૩-૨૦૦૩, ફાગણ વદ ૧૦, ગુરુવારના દિને છે. આ મંગલ મહોત્સવ સોનગઢ રહેતાં, બહેનશ્રીનાં અંતેવાસી કેટલાક બ્રહ્મચારિણી બહેનો તરફથી, તા. ૨૩-૩-૨૦૦૩, રવિવારથી તા. ૨૭-૩-૨૦૦૩, ગુરુવાર —પાંચ દિવસ સુધી અતિ-આનંદોલ્લાસપૂર્વક, સોનગઢમાં ઊજવવામાં આવશે. નિમંત્રણપત્રિકા સમય પર મોકલવામાં આવશે. સમસ્ત મુમુક્ષુસમાજને આ શુભાવસરે પધારવા માટે મહોત્સવ-આયોજક બ્ર૦ બહેનો તરફથી હાર્દિક નિમંત્રણ છે.

સ્થળ સંકોચના કારણે વૈરાગ્ય-સમાચાર આગામી અંકમાં આપવામાં આવશે.

પધારો! મંગલ મહોત્સવ! અવશ્ય પધારો!

ક્યાં?

મધ્ય પ્રદેશની શિવપુરી નગરીમાં.

શું છે ત્યાં?

શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક–પ્રતિષ્ઠામહોત્સવ.

પ્રતિષ્ઠા છે કોની?

વિદેહીનાથ શ્રી સીમંધરભગવાનની તથા શ્રી ઋષભનાથ આદિ મહાવીર પર્યન્ત ભરતક્ષેત્રના ચોવીસ તીર્થંકર ભગવાનની.

પ્રતિષ્ઠા છે ક્યારે?

## ❀ મંગલ પ્રતિષ્ઠા-મહોત્સવ ❀

પોષ સુદ ૧૩, ગુરુવાર, તા. ૧૬-૧-૨૦૦૩ થી પોષવદ ૬, ગુરુવાર, તા. ૨૩-૧-૨૦૦૩

વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ તથા નિજ શુદ્ધાત્મતત્ત્વની લોકોત્તર મહિમા આપણા હૃદયમાં ઉત્કીર્ણ કરનાર પરમોપકારી પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના તથા પોતાના સમ્યક્ જાતિસ્મરણજ્ઞાનવૈભવથી સમવસરણયુક્ત વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામીનો આપણા ભરતક્ષેત્રમાં પદાર્પણ કરનાર પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ઉપકાર-પ્રતાપથી તથા ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન આદરણીય શ્રી હિંમતલાલ જે. શાહની મંગલવર્ધિની કલ્યાણી આશિષથી સુસંપન્ન થવાવાળા આ ભવ્ય પંચકલ્યાણક-પ્રતિષ્ઠોત્સવમાં પધારવા માટે શ્રી સીમંધર-કુંદકુંદ-કહાન દિ. જૈન મંદિર ટ્રસ્ટ, શિવપુરી (મ.પ્ર.) દ્વારા મુમુક્ષુસમાજને સાદર આમંત્રણ છે.

[પ્રતિષ્ઠા-મહોત્સવની મહત્વપૂર્ણ બોલી–ઈન્દ્રો, સર્વાર્થસિદ્ધિ-અહમિન્દ્ર, કુબેર વગેરેની બોલી–પ્રતિષ્ઠોત્સવના પહેલા દિવસે (તા. ૧૬-૧-૨૦૦૩, ગુરુવાર, પોષ સુદ, ૧૩ના દિવસે) તથા પ્રતિષ્ઠા-મંડપમાં શ્રી જિનબિંબ બિરાજમાન કરવાની, ધર્મધ્વજારોહણ તથા પંચપરમેષ્ઠીમંડલ-વિધાનપૂજાના ઈંદ્રોની બોલી તા. ૧૫-૧-૨૦૦૩, બુધવારના દિવસે બોલવામાં આવશે.]

ઠેકાણું શું છે ?

પ્રતિષ્ઠામહોત્સવ-સ્થળ (પ્રતિષ્ઠોત્સવસ્થલ) : શ્રી શાન્તિનાથ નગર

ગાંધી પાર્ક મેદાન, ન્યુ બ્લોક (જૂના રેલ્વે સ્ટેશન પાસે), શિવપુરી (મ. પ્ર.); પીન : ૪૭૩૫૫૧

તો ચાલો! જરૂર ચાલો શિવપુરી (મધ્યપ્રદેશ)!

અહા!– જિનવર વૃન્દોસહ સીમંધર, નાથ વિદેહી પધાર્યા છે,
ભગવાન-પ્રાણપ્રતિષ્ઠા કરવા, ભવ્ય ભક્ત ઉભરાયા છે;
મંગલમય ઉપશમરસ મુદ્રા ભવિજન મુક્તિ દાઈ છે,
શિવપુરીની ધન્ય ધરા પર, સ્વર્ણિમ ઘડીઓ આવી છે.

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર *

❀ વ્યવહારરત્નત્રયનો રાગ આવ્યો તેને જ્ઞાને જાણ્યું, ત્યાં જ્ઞાન પોતાની પર્યાયને જાણે છે, રાગને નહીં. જાણનાર સ્વને જાણતાં પરને જાણવાપણે પરિણમે છે તોપણ તેને જ્ઞેયકૃત જ્ઞાન થયું છે તેમ નથી પણ તેને જ્ઞાનકૃત જ્ઞાન છે. સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તીને રાગનું જ્ઞાન થયું તે રાગના લઈને થયું નથી પણ સ્વપરપ્રકાશક શક્તિને લઈને જ્ઞાન જ્ઞાનને જાણે છે, જ્ઞેયને જાણે છે તેમ કહેવું એ તો વ્યવહાર છે. રાગને જાણતાં જે જ્ઞેયાકારે જણાયો તે આત્મા જણાયો છે, રાગ જણાયો નથી, કેમ કે તેને જ્ઞેયકૃત અશુદ્ધતા નથી. ૨૭૫.

❀ ભાઈ તારે સુખ કરના હૈ ન ! તો સુખ કહાં હૈ ? નિમિત્તમેં, રાગમેં કિ એક સમયકી વિકાસ પર્યાય હૈ ઉસમેં સુખ હૈ ? ઉસમેં દૃષ્ટિ દેનેસે તો દુઃખ ઉત્પન્ન હોતા હૈ. ઔર મોક્ષ પર્યાયમેં આનંદ તો હૈ લેકિન ઉસમેં આનંદ ભરા નહીં હૈ, આનંદકી ખાન નહીં હૈ. ત્રિકાળ આત્મા અતીન્દ્રિય આનંદકી ખાન હૈ, ઈસલિયે સર્વતત્ત્વમેં વહ સાર હૈ. ૨૭૬.

❀ વસ્તુને પકડે તેનું નામ આત્મા ઉપાદેય છે. ધારણામાં આ હેય છે, આ ઉપાદેય છે—એમ કર્યાં કરે તેનું નામ હેય-ઉપાદેય નથી. લક્ષ છોડી દેવું તેનું નામ હેય છે અને વસ્તુને પકડવી તેનું નામ ઉપાદેય છે. આત્મામાં એકાકાર થાય ત્યારે આત્મા ઉપાદેય થયો કહેવાય. રાગાદિનું લક્ષ છૂટી જવું તેનું નામ તેને હેય કર્યો કહેવાય. ૨૭૭.

❀ જીવે પોતાના સહજ સુખસ્વરૂપ માટે એક ક્ષણ પણ ધીરો થઈને વિચાર કર્યો નથી. જો વિચાર કરે તો વસ્તુ બહુ જ સોંઘી ને સહેલી છે; પણ તીવ્ર જિજ્ઞાસા, ધગશ અને તાલાવેલી જોઈએ. આ સંસારનો રસ છૂટી જાય તો આત્મસ્વરૂપ જરૂર પ્રગટે. ૨૭૮.

❀ ભગવાન આત્મા અણેન્દ્રિય હોવાથી તેની અપેક્ષાએ ભગવાન, ભગવાનની દિવ્યવાણી કે મુનિઓનાં વૃંદ બધું જ ઈન્દ્રિય છે. કેમકે તેઓ ઈન્દ્રિયનો વિષય છે. વીતરાગી દેવ એમ ફરમાવે છે કે અમે તો તારી ઈન્દ્રિયનો વિષય છીએ અને તું તારી અણેન્દ્રિયનો વિષય છે, તું તને વિષય બનાવીને જાણ તે જ અમારી સ્તુતિ છે. ૨૭૯.

***

## ❀ વસ્તુસ્થિતિ કંઈક રહી જાય છે ❀

(શ્રી સમયસાર ગાથા-૭૫મા અંતરંગ પરિણામના અર્થઘટનના સંદર્ભમાં—) લોકો કંઈક કંઈક પોતાની કલ્પનાથી અર્થ કરે, વસ્તુસ્થિતિ કંઈક રહી જાય છે.

*—કરુણાસાગર પૂજ્ય ગુરુદેવશ્રી*

❀ ❀ ❀

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ—૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 44334